ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date : 29th May, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,
......................................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત

## 'Beat Air Pollution' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન અને ગણિત વિષયને જીલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરના લોકોને વિજ્ઞાનાભિમુખ કરવાના ઉમદા હેતુથી ૧૭ વર્ષથી વર્ષ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

જે અંતર્ગત, ૫ જુનને વિશ્વભરમાં વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ પર્યાવરણની જાળવણી પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. મનુષ્ય પોતાની સુખાકારી સુખ સગવડ અને ઝડપી નફો મેળવવા માટે આપણી આસપાસના પર્યાવરણને હાનિ પહોંચાડી રહ્યો છે. ઘરવપરાશમાં ઉપયોગમાં લેવાતા રસાયણો, ઉદ્યોગોમાં વપરાતા રસાયણો, વાહન વ્યવહાર દ્વારા ફેલાતો ધુમાડો, ખેતી સંવર્ધનમાં ઉપયોગમાં લેવાતા વિવિધ જંતુનાશકો અને રસાયણિક કચરાનો અસામાન્ય રીતે થતો નિકાલ વગેરેને કારણે કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ જેવા જેરી વાયુઓ પર્યાવરણમાં વસતા સજીવોને નુકસાનકારક વાયુઓને વાતાવરણમાં નિકાલ કરીને હવાનુ પ્રદુષણ ફેલાવી રહ્યા છીએ. જેને ધ્યાનમાં લઈને આ વર્ષની થીમ 'Beat Air Pollution' નિર્ધારિત કરવામાં આવેલ છે. આ થીમને કેન્દ્ર સ્થાને રાખીને વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થનાર છે.

આજના સમયમાં ફક્ત વાતો કે લખાણ કરતા આંખો સામે દ્રશ્યમાન થતા ચિત્રો દ્વારા ઝડપથી લોકો સુધી પર્યાવરણ જાગૃતિ સંદેશ પહોચાડવાના હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આ વર્ષની થીમ 'Beat Air Pollution' "હવાનું પ્રદુષણ અટકાવો" વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે.

ઉપરોક્ત ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ તા.૦૩-૦૬-૨૦૧૯ સુધીમાં <u>http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=80</u> પર અથવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, પંજાબ નેશનલ બેંકની પાછળ, સંસ્કાર મંડળ, હિલ ડ્રાઇવ, ભાવનગર ખાતે રૂબરૂ અથવા ફોન : 8866570111 (WhatsApp) પર સંપર્ક કરી પોતાના નામની નોંધણી કરવી ફરજીયાત રહેશે.

આ સ્પર્ધા વય આધારિત ત્રણ વિભાગોમાં યોજવામાં આવશે. દરેક વિભાગમાં પસંદગી પામેલ પ્રથમ ત્રણ એમ કુલ ૯ સ્પર્ધકોને પુરસ્કાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ફક્ત A3 સાઈઝની ડ્રોઈંગ શીટ આપવામાં આવશે.

29-05-19
6 PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.